Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid

કેન્સર ● કીડની ● કીમોથેરાપી ● ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી ● ન્યુરો ● લીવર ● ગેસ્ટ્રો ● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ●
ઈમરજન્સી ● લાઈફ સેવિંગ ● આઈસીયુ ● રૂમેટોજલોજી ● ઓર્થો ●
બ્લડ પ્રોડક્ટની દવાઓ તથા ઈન્જેક્શન
Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp)
9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
We Deal
ONCOLOGY ● CHEMOTHERAPHY
NEPHROLOGY ● TRANSPLANT
VIROLOGY ● HIV ● NEUROLOGY
EMERGENCY ● ICU ● LIFE SAVING
INFERTILITY ● GYNECOLOGY
BLOOD PRODUCTS ● ORTHO
RHEUMATOLOGY ● VACCINES
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર,
નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ,
એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૧ ● અંક : ૧૦ ● સળંગ અંક : ૧૦૪૮ ● પ્રકાશિત તા-૧૩-૧-૨૦૨૫,સોમવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

## દેશમાં નોંધાયેલા HMPVના કુલ કેસમાંથી ૩૩ ટકા ગુજરાતમાં, જાણો વિગત

અમદાવાદઃ ભારતમાં પણ એચએમપીવીના કેસ ધીમે ધીમે વધવા લાગ્યા છે. દેશમાં અત્યાર સુધીમાં એચએમપીવીના કુલ ૧૫ કેસ નોંધાયા છે, જેમાંથી ૫ કેસ ગુજરાતમાં છે. એટલેકે દેશના કુલ કેસ પૈકી ૩૩ ટકા કેસ માત્ર ગુજરાતમાં જ છે.

ગુજરાતમાં જ્યારે આ વાઈરસની એન્ટ્રી થઈ ત્યારે એવું કહેવાતું હતું કે માત્ર નાના બાળકોને જ નિશાન બનવા છે પણ છેલ્લા પાંચ દિવસમાં જે રીતે એક બાદ એક કેસ આવી રહ્યા છે અને તેમાં પણ આધેડના રિપોર્ટ પોઝિટિવ આવતાં ચિંતાનો માહોલ ઉભો થયો છે. ગુજરાતમાં ૬ જાન્યુઆરીએ સૌથી પહેલા રાજસ્થાનના ડુંગરપુરમાં રહેતું બાળક સારવાર માટે આવ્યું ત્યારે તેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. છેલ્લા ત્રણ દિવસથી રોજ એક-એક કેસ નોંધાઈ રહ્યા છે. નાના બાળકોમાં સૌથી મોટા લક્ષણોમાં ખાંસી અને શરદીની સાથે સાથે શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી, પણ તપાસમાં તેમની કોઈ વિદેશ કે અન્ય ટ્રાવેલ હિસ્ટ્રી ન હોવાનું સામે આવ્યું છે. તેથી આ વાઈરસ કેવી રીતે ગુજરાતના વિવિધ જિલ્લામાં ફેલાઇ રહ્યો છે તે તપાસનો વિષય બન્યો છે.

દેશના કયા રાજ્યમાં કેટલા કેસ નોંધાયા


ભારતમાં ગુજરાતમાં ૫, મહારાષ્ટ્રમાં ૩, કર્ણાટકમાં ૨, તમિલનાડુમાં ૨ તથા રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, ઉત્તરપ્રદેશમાં ૧-૧ મળી કુલ ૧૫ કેસ નોંધાયા છે.

સુરતી ધુપ પુજાપા ભંડાર
લગનનો પુજાપો, છાબ, પીઠી, માણેકસ્તંભ, મોડીયા, લક્ષ્મીપૂજન પુજાપો, તોરણ, સાથીયા, સ્ટીકર
સ્પેશીયલ N.R.I કલેક્શન

દિવાળી સ્પેશીયલ સુગંધીદાર અગરબત્તી, ધુપ મળશે
દરેક ભગવાનની મૂર્તિના નેત્ર લગાવી આપવામાં આવશે
● મુગટ ● ગાદી સેટ ● પારણાં ● સિંહાસન ● મોરલી ● કુંડળ
● માતાજીનો શણગાર ● ફેન્સી ચુંદડી ● પવિત્રા ● લેટેસ્ટ હાર ● સ્પે.અત્તર
● સુગંધીદાર અગરબત્તી ● ધુપ-યંત્ર તથા દરેક વીધીના પુજાપા મળશે
દરેક જાતના પુજાપા-યંત્ર-ધાર્મિક પુસ્તકો મળશે
લક્ષ્મી વિજય હોટલની બાજુમાં, ડૉ. કિરીટભાઈ પટેલની સામે, સ્વેની કોમ્પલેક્ષની બાજુમાં, નવા વાડજ, અમદાવાદ
M : 9328274246 / 98982 74760

જીજ્ઞેશ દરજી
મોબાઈલ ના ડોકટર
મોબાઈલ રીપેરીંગ

શ્રી રામદેવ મોબાઈલ રીપેરીંગ
ટફન, કેબલ, ચાર્જર, હેન્ડસફ્રી, મેમરી કાર્ડ, પેન ડ્રાઈવ, સ્પીકર, મોબાઈલ સ્ટેન્ડ, બ્લુટુથ, બ્લુટુથ બડ, રીચાર્જ
૨, રોનક પાર્ક સોસાયટી, લક્ષ્મી વિજય હોટલની સામે, અખબારનગર, નવા વાડજ.
M : 98989 55017

ઉત્તરાયણ નિમિત્તે
ચટાકેદાર ઉંધીયું
રસઝરતી જલેબી


ફાફડા-ગાંઠીયા
સમોસા-કચોરી
નાયલોન ખમણ
વાટીદાણ ખમણ
સેન્ડવીચ ઢોકળા
નવતાડ સમોસા
ચાઈનીઝ સમોસા
(જુના અને જાણીતા)
કૃષ્ણ ફરસાણ કોર્નર
૧૦, નીલધારા શોપીંગ સેન્ટર, વ્યાસવાડી ચાર રસ્તા, નવા વાડજ, અમદાવાદ. M : 9898135489

ઉત્તરાયણ નિમિત્તે


સ્પે. ઉંધિયું
લીલવાની કચોરી
શુદ્ધ ઘીની જલેબી
સ્વાદસભર પોષ્ટીક નાસ્તાની રમઝટ માણવા
પંકજભાઈ નાગર
આશિષભાઈ નાગર
સ્પેશ્યલ નમકીન
સ્પેશ્યલ ચવાણું
(જુના અને જાણીતા)
જયશ્રી ચામુંડા ફરસાણ સેન્ટર
ઉમિયા માતાજીના મંદિર પાસે, નવાવાડજ, અમદાવાદ.
શુભ પ્રસંગે તથા લગ્નપ્રસંગે પાર્ટી ઓર્ડર લેવામાં આવશે

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

## પ્રબળ દાવેદારોનું લિસ્ટ

# અમદાવાદમાં ભાજપમાં પ્રમુખ બનવા કાંટે કી ટક્કર!

### ભાજપ અમદાવાદ શહેર પ્રમુખ માટે પ્રબળ દાવેદારો... અમદાવાદ શહેર પ્રમુખ, અમિત શાહ ભાજપ શહેર પ્રમુખ અને MLA, ડૉ ઋત્વિજ પટેલ નેતા ભાજપ, હિતેશ બારોટ પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન

ગાંધીનગર : ગુજરાત ભાજપમાં હવે આતુરતાથી નવા સંગઠનની જાહેરાતની રાહ જોવાઈ રહી છે. ગમે ત્યારે શહેર-જિલ્લા પ્રમુખના નામોની સત્તાવાર જાહેરાત થઈ શકે છે. જોકે, આ વચ્ચે એક ચર્ચા શરૂ થઈ છે કે, કમુરતા ઉતરતા પહેલા જાહેરાત થવાની હતી, પરંતુ આ જાહેરાતમાં હજી વિલંબ થઈ શકે છે. કારણ કે, આંતરિક વિખવાદ જોતા વાત દિલ્હી હાઈકમાન્ડમાં પહોંચી છે અને દિલ્હી દરબારમાં હામી ભરાયા બાદ નામોની જાહેરાત થશે.

ગાંધીનગર કમલમથી મોટી ખબર આવી છે. કમુરતા ઉતર્યા બાદ જ તેની જાહેરાત થઈ શકશે.૧-૨ દિવસ બાદ તેની જાહેરાત થઈ શકે છે. શહેર અને જિલ્લા ભાજપ પ્રમુખની ચર્ચા હાલ ચાલી રહી છે. હાલ જોઈએ તો, સમગ્ર મામલો દિલ્હી દરબારમાં પહોંચ્યો છે. દિલ્હીમાં ચર્ચાવિમર્શ કર્યા બાદ જ નામોની જાહેરાત કરવામાં આવશે. ત્યારે કમુરતા બાદ પણ નામોની જાહેરાત થઈ શકે છે તેવો અંદાજ માંડવામાં આવ્યો છે.


તાજેતરમાં જ મહાનગરપાલિકા, જિલ્લા પ્રમુખોની વરણીને લઈ સેન્સ પ્રક્રિયા હાથ ધરાઈ હતી. રાજ્યભરમાં શહેર અને જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે સેન્સ પ્રક્રિયા થઈ હતી. એક પદ માટે ૨૩ થી ૨૫ જેટલા દાવેદારોએ કાર્યાલય ખાતે પોતાની દાવેદારી નોંધાવી હતી. જેને કારણે નિરીક્ષકોની ટીમ પણ ગૂંચવાઈ છે. મજબૂત દાવેદારોએ પદ મેળવવા માટે છેક કમલમ થી દિલ્હી સુધી લોબિંગ શરૂ કરી દીધું છે. તો અમદાવાદ સહિત અનેક શહેરોમાં કાંટે કી ટક્કર જોવા મળી રહી છે.

બીજી તરફ, અમદાવાદમાં સંગઠનમાં હોદ્દો મેળવવા માટે ભાજપમાં આંતરિક ખેંચતાણ જોવા મળી રહ્યું છે. ધારાસભ્યોથી લઈને નેતાઓ સંગઠનમાં પોતાના માણસો ગોઠવવા માટે પોતાની વગ લગાવી રહ્યાં છે. ત્યારે હવે જોવું એ રહ્યું કે કોનું નામ જાહેર થાય છે.


ભાજપ અમદાવાદ શહેર પ્રમુખ માટે પ્રબળ દાવેદારો
અમદાવાદ શહેર પ્રમુખ
અમિત શાહ ભાજપ શહેર પ્રમુખ અને MLA
ડૉ ઋત્વિજ પટેલ નેતા ભાજપ
હિતેશ બારોટ પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ ત્રણ દિવસના ગુજરાતના પ્રવાસે આવનારા છે. ૧૪,૧૫,૧૬ જાન્યુઆરી ત્રણ દિવસ અમિત શાહ ગુજરાત આવશે. તેઓ ગાંધીનગર સંસદીય વિસ્તારમાં ૨-૩ જગ્યાએ પતંગોત્સવમા હાજરી આપશે. ભાજપ સંગઠન નવ રચના વચ્ચે અમિત શાહનો ગુજરાત પ્રવાસ ગોઠવાયો છે. ત્યારે ભાજપ સંગઠનની રચના સંદર્ભે રાજકીય બેઠકો પણ સંભવ છે.

# નવા વાડજની જિગીષા હોસ્પિટલમાં એક જ સ્થળે વધુ બે વિભાગોનો શુભારંભ






### ડો.રવિ શાહ ડાયાબિટીશ અને એન્ડોક્રિનોલોજી સેન્ટર અને ડો. શિખા શાહ સ્કિન ક્લિનીકનો પ્રારંભ કરાયો...

અમદાવાદ : નવા વાડજ વિસ્તારમાં છેલ્લા ૨૦ થી વધુ વર્ષોથી કાર્યરત જિગીષા હોસ્પિટલમાં નવા બે સેન્ટરનો પ્રારંભ કરાયો છે, નવા વર્ષની શુભ શરૂઆત સાથે જિગીષા મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં વધુ બે ડોક્ટરો જોડાયા છે, જેમાં એન્ડોક્રિનોલોજિસ્ટ તરીકે સેવાઓ આપવા માટે ડો.રવિ શાહ અને ચામડીના રોગ નિષ્ણાંત તરીકે ડો.શિખા શાહ જોડાયા છે.

તમને જણાવી દઈએ કે જિગીષા હોસ્પિટલમાં ડો.રવિ શાહ ડાયાબિટીશ અને એન્ડોક્રિનોલોજી સેન્ટર અને ડો. શિખા શાહ સ્કિન ક્લિનીકનો પ્રારંભ કરાયો છે.આ પ્રસંગે હોસ્પિટલના ડો.જીગ્નેશ શાહ અને ડો.જિગીષા શાહે તથા હોસ્પિટલના સ્ટાફે બંને નવોદિત ડોક્ટરોનું સ્વાગત કર્યું હતું.આ પ્રસંગે મિર્ચી ન્યુઝ પરિવાર બંને ડોકટરોને શુભારંભ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવે છે....









### કસ્ટડીમાંથી આરોપીઓ નાસી જવાના મામલે પોલીસ કમિશનરે મહત્ત્વપૂર્ણ નિર્ણય

# લોકઅપમાંથી બહાર લવાયેલા આરોપીને હાથકડી પહેરાવાશે

અમદાવાદ : દિવાળી બાદ પોલીસ કસ્ટડીમાંથી આરોપી ભાગી જવાની ઘટનાએ માજા મૂકી છે ત્યારે પોલીસની કામગીરી પર સવાલ ઊભો થયો છે. પોલીસ સ્ટેશનમાં આરોપીઓને સાચવવા માટે પોલીસને ચકમો આપીને કસ્ટડીમાંથી આરોપી બિનધાસ્ત ફરાર થઈ જાય છે. આરોપી ભાગી જવાના વધતા જતાં કિસ્સાઓને ધ્યાનમાં રાખીને પોલીસ કમિશનર એકશન મોડ પર આવી ગયા છે. હવે પોલીસ કસ્ટડીમા આરોપીઓ ભાગી જાય નહીં તે માટે પોલીસ કમિશનર જી.એસ.મલિકે કેટલાક કડક નિયમો બનાવી દીધા છે. જ્યારે પણ આરોપીને લોકઅપમાંથી બહાર કાઢવામાં આવે ત્યારે તેને ફરજિયાત હાથકડી પહેરાવી રાખવી તેમજ આરોપી લોકઅપમાં પરત ના જાય ત્યાં સુધી સતત બે પોલીસ કર્મચારીઓ તેની સાથે સ્ટેન્ડબાય રહે છે. આ સિવાય પણ કેટલાક કડક નિયમો બનાવી દીધા છે. જેના કારણે હવે આરોપી માટે ભાગી જવું અશક્ય બની જશે. આરોપીની ધરપકડ થાય ત્યારથી લઈને તેને કોર્ટ સમક્ષ રજૂ કરવાની અને જેલમાં મોકલી આપવાની તમામ જવાબદારી પોલીસની રહેલી હોય છે. પોલીસ કેટલીક વખત ગુનેગારોને હળવાશથી લેતી હોય છે જેના કારણે તે પોલીસ કસ્ટડીમાંથી ભાગી જાય છે. ગઈકાલે કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાંથી બળાત્કારનો એક આરોપી ફરાર થઈ ગયો હતો જેને લઈ પોલીસ વધુ એક વખત વિવાદમાં આવી છે. બે દિવસ પહેલાં કોર્ટ સંકુલમાંથી નરોડામાં પોકસો એકટ હેઠળ નોંધાયેલા બળાત્કારનો આરોપી રાજકોટ પોલીસને ચકમો આપીને ફરાર થઈ ગયો હતો. પોલીસ કસ્ટડીમાંથી આરોપી ભાગી જવાના અનેક કિસ્સા સામે આવ્યા છે ત્યારે હવે પોલીસ આવી ઘટના બને નહીં તે માટે સતર્ક બની છે જ્યારે આરોપી ભાગ જાય ત્યારે જે તે પોલીસ સ્ટેશનના પીએસઓ તેમજ અન્ય પોલીસ કર્મચારીને સસ્પેન્ડ કરાતા હોય છે. કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં આરોપી ભાગી જવાના ચકચારી કિસ્સા બાદ હવે પોલીસ કમિશનર જી.એસ.મલિક ખુદ એકશન મોડ પર આવ્યા છે અને કેટલાક કડક નિયમો બનાવી દીધા છે. આ મામલે પોલીસ કમિશનર જી.એસ.મલિકે જણાવ્યું છે કે, જ્યારે લોકઅપમાંથી આરોપીને બહાર કાઢવામાં આવશે ત્યો તેને ફરજિયાત હાથકડી પહેરાવવામાં આવશે. આ સિવાય પોલીસ સ્ટેશનના કોઈપણ વિભાગ અથવા તો ઘટનાસ્થળે અને કોર્ટમાં પણ લઈ જવામાં આવશે તો તેની સાથે ફરજિયાત બે પોલીસ કર્મચારીઓ તૈનાત રહેશે. હત્યા જેવો મોટો ગુનો આચર્યો હોય કે મારા મારી જેવી સામાન્ય ઘટના હોય તો તમામ આરોપીઓને એકસમાન ગણવામાં આવશે. બિનજરૂરી આરોપીને લોકઅપમાંથી બહાર કાઢવામાં આવશે. પોલીસ કમિશનર એકશન મોડ પર આવતાં ખુદ પોલીસ સ્ટેશનના તમામ પોલીસ કર્મચારીઓ પણ એલર્ટ મોડ પર આવી ગયા છે. અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારમાં ગઈકાલે સવારે બળાત્કારનો આરોપી પોલીસને ચકમો આપીને ફરાર થઈ ગયો હોવાની વિગત સામે આવી છે. આ સમગ્ર મામલે હાલ તો સ્થાનિક પોલીસ અને અલગ અલગ એજન્સીઓએ આરોપીઓને પકડવા માટે પ્રયાસ કર્યો છે. સવારે બાથરૂમ લઈ જતાં સમયે આરોપી હાજર પોલીસ કર્મચારીને ચકમો આપીને ભાગી ગયો હતો. હાલ તો પોલીસ ગુનો નોંધીને આરોપીને પકડવા માટે પ્રયાસ હાથ ધરી રહી છે જ્યારે બે પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરી દેવાયા છે. અગાઉ અમદાવાદ શહેરના અલગ અલગ વિસ્તારમાંથી પોલીસના જાપતા અથવા પોલીસ સ્ટેશનમાંથી આરોપી ભાગી ગયા હોવાનો બનાવ સામે આવ્યો હતો. હવે અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાંથી ગઈકાલે સસવારે આરોપી ભાગી ગયો હોવાની ઘટના સામે આવી છે. સ્થાનિક પોલીસ પાસેથી મળતી માહિતી પ્રમાણે પોલીસ સ્ટેશનમાં સવારે પોલીસ કર્મચારી હાજર હતા તે સમયે બળાત્કારના મનોજ ધોબી પોલીસ કર્મચારીને કહેતો હતો કે મારે બાથરૂમ જવું છે જેથી ત્યાં હાજર પોલીસ કર્મચારીએ લોકઅપ ખોલી તેને બહાર કાઢયો હતો. આરોપી મનોજને જ્યારે બહાર કાઢવામાં આવ્યો ત્યારે તે બાથરૂમ જવાનું કહીને થોડી જ વારમાં પોલીસને ચકમો આપીને ફરાર થઈ ગયો હતો. આ સમગ્ર મામલે જ્યારે જાણ થઈ ત્યારે ઉચ્ચ અધિકારીઓ ત્યાં પહોંચી ગયા હતા અને કઈ રીતે સમગ્ર ઘટના બની તેમજ નજીકના સીસીટીવી ફૂટેજ પોલીસ સ્ટેશનના સીસીટીવી તમામ ચેક કરવાની પ્રક્રિયા હાથ ધરી છે. આ ચોંકાવનારા કેસમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓએ પીએસઓ તેમજ અન્ય એક પોલીસ કર્મચારીને સસ્પેન્ડ કરી દીધા છે.

# દિવસે ને દિવસે વધતા સાયબર અપરાધોથી બચવા નક્કર પગલાં જરૂરી

## પ્રજાએ જાગૃતિ માત્ર ડિજિટલ માધ્યમથી ચૂકવણી કરતી વખતે જ નહીં પણ પોતાની જમા થનારી રકમ સુધી રાખવી પડશે

પ્રજા આ ડિજિટલ યુગમાં ખૂબ પરેશાન છે, ખાસ કરીને તેને છેતરાવું પડે છે. આ ખેલ ખૂબ જ ખરાબે ચડ્યો છે, પરિણામે સોશિયલ પ્લેટફોર્મ, વોટ્સએપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ તથા અન્ય એપ પર આવેલ અજાણી લિન્ક ખોલતા ખૂબ ડરે છે, ભય પામે છે. તેને એમ થાય છે કે ક્યાંક આ લિન્ક ઓપન કરવાથી છેતરાઈ જવાશે તો, એકાઉન્ટમાં નાણાની ઊઠાંતરી થઈ જશે તો ? આવા ભયપ્રદ અનેક સવાલોથી યુઝર્સ ચિંતા છે કે, તમને ફેસબુક અથવા વોટ્સએપમાં જો કોઈ ઈન્વિટેશન કાર્ડની લિન્ક જોવા મળે તો તે ઓપન કરશો નહીં, નહીંતર તમારા ખાતામાંથી તમારી બચત ઉપડી જશે. આમ ખૂબ જ ચિંતાભરી પરિસ્થિતિ વચ્ચે આજના નાગરિકો જીવી રહ્યા છે. શું થશે ? ઘણીવાર એવું બને છે કે વિશ્વાસપાત્ર માણસની ઉપર ભરોસો રાખીને કોઈ લિન્ક ડાઉનલોડ કરાય છે ત્યારે છેતરાઈ જવાનો અનુભવ થાય છે.

તાજેતરમાં એક ચિંતાજનક ઘટના સામે આવી, કહે છે કે, કોઈ કંપનીના માલિકનો ફોટો સ્ટેટસમાં મૂકીને તેણે તેની કંપનીના મેનેજરને જબરદસ્ત છેતર્યા હતા. વિશ્વાસ ઊભો કરીને એણે બે કરોડ રૂપિયા ઉઠાવી લીધા, જ્યારે મેનેજરે બોસને વાત કરી ત્યારે ખબર પડી કે, કોઈ ગઠિયો દાવ રમી ગયો હતો તેના બે કરોડ રૂપિયા ગઠિયાના હાથમાં પહોંચી ગયા હતા. આવી છેતરપિંડી થયા પછી દોડધામ થઈ હશે પરંતુ ઘોડા નાસી જાય પછી તબેલાને તાળુ મારવાનો કોઈ અર્થ રહેતો નથી. આવી રીતે ગઠિયાઓ જાતજાતની ચાલાકી અજમાવાને યુઝર્સને છેતરી જાય છે. છેતરાઈ ગયા પછી પસ્તાવો કે અફસોસ કરવાનો કશો અર્થ નથી. આજકાલ ડિજિટલ એરેસ્ટથી ગઠિયાઓ ખૂબ જ સક્રિય બન્યા છે. તેઓ લાલચ, લોભની જાળ બીછાવીને યુઝર્સને આબાદ સપડાવે છે અને તેની તિજોરી સાફ કરી નાખે છે. આ પરિસ્થિતિ ખૂબ જ આઘાતજનક બની ગઈ છે. એમાંથી બહાર નીકળવું સરળ રહ્યું નથી. કેમ કે સામેની ગેંગ ખૂબ જ ચતુર અને પાવરધી હોય છે. અહીં છેતરાઈ જનારની દશા જોઈને દુઃખ અવશ્ય થાય છે, તેથી અહીં એક કહેવત સાર્થક બની રહે છે, લોભિયા હોય ત્યાં ધૂતારા ભૂખ્યા ના મરે જેઓ શિકાર ઝડપવામાં માહેર છે તેઓ થોડાક દાણા નાખીને કટાના કટા ઘર ભેગા કરી જાય છે. છેતરપીંડીની જાણે કે, મોસમ જ આવી ગઈ છે. ગમે તેટલી ચતુરાઈ કે સતર્કતા રાખો પણ ગઠિયાઓની આભાસી જબ એવી ભુરકી છાંટે કે, ગઠિયાની મૂઠીમાં તમારું ખાતુ ખાલી થઈ જાય. આવી રીતે છેલ્લા ઘણા સમયથી ચાલી રહ્યું છે. અરે હેકર્સ તમારા કમ્પ્યુટર, લેપટોપ, મોબાઈલને પણ હેક કરીને ડેટા ગુમ કરીને જલસા કરે છે. ક્યારેક ચીનના હેકર્સના સમાચાર આવે છે તો ક્યારે પાકિસ્તાનના સીમાડેથી ઠગોની હરકતો વિશે સમાચારો ચમકી જાય છે, આજે અહી ડિજિટલ ચૂકવણીમાં થતી ઠગાઈની વાત કરીશું. યુનિફાઈડ પેમેન્ટ્સ (યુપીઆઈ) દ્વારા છેતરપિંડીના ૨૭ લાખ કેસો સામે આવ્યા છે. હેરતની વાત એ છે કે, આ મામલામાં લોકોએ ૨,૧૪૫ કરોડ રૂપિયા ગુમાવ્યા છે. હમણા તો વર્તમાન વિત્ત વર્ષના છસાત મહિના વિત્યા છે પણ આ સમયમાં પણ યુપીઆઈ છેતરપીંડીના કેસોમાં લોકોએ ૪૮૫ કરોડ રૂપિયા ગુમાવી દીધા છે. આ તો ત્યારે બને છે જ્યારે સરકાર રિઝર્વ બેન્ક અને નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા છેતરપીંડી રોકવા માટે સતત પગલાં ભરતી રહી છે. વાસ્તવમાં, સાઈબર સંસારના વિસ્તારની ગતિ જે પ્રકારથી વધી રહી છે તેનાથી પણ વધુ તેજ ગતિથી સાઈબર અપરાધ વધ્યો છે, સાઈબર ઠગાઈના દર પાંચમો કેસ ડિજિટલ લેણદેણ સાથે જોડાયેલો હોય છે. ડિજિટલ અરેસ્ટ, પીઆઈ સાથે દગાબાજી કેસોમાં ઠગોની ઓળખાણ સરળ નથી. એમાં અપરાધ જેનો એક છેડો કોઈ અન્ય જગ્યાએ તો બીજો છેડો ક્યાં જાય છે તેની ખબર પડતી નથી. ડિજિટલ એરેસ્ટ છેતરપિંડીના વધતા મામલાઓને જોતા કેન્દ્રીય ગૃહ મંત્રાલયની સાઈબર શાખાએ કંબોડિયા, મ્યાંમાર, વિયતનામ તથા થાઈલેન્ડ જેવા દક્ષિણ પૂર્વી એશિયાઈએ આ ગોટાલાના ગઢના રૂપમાં ચિન્હિત કર્યા હતા. આ દેશોના ૧૭ હજાર વોટ્સએપ ખાતાઓને પણ બ્લોક કરવાનું મોટું પગલું ભર્યું હતું. અપરાધની દુનિયામાં આ અલગ પ્રકારનો ક્રાઈમના કેવળ પોલીસ-પ્રશાસન, પરંતુ સરકારોની સન્મુખ મોટા પડકારના રૂપમાં ઉભરી સામે આવ્યો છે. એમાં બે મત નથી કે, આપણા દેશમાં લોકોમાં ડિજિટલ પેમેન્ટની પ્રવૃત્તિ ઝડપથી વધે છે. ઈન્ટરનેટની સહજ ઉપલબ્ધતા અને હર હાથમાં સ્માર્ટફોને આ પ્રવૃત્તિને વધુ ગતિ દીધી છે. લોકો શાક-દૂધ અને કરિયાણા સ્ટોરમાંથી લઈને તમામ પ્રકારના બિલોથી ચૂકવણી માટે યુપીઆઈ પેમેન્ટ કરી રહ્યા છે. તો બીજી તરફ રીઢા ગુનેગારો યુપીઆઈ પેમેન્ટના કરી રહ્યા છે. તો બીજી તરફ રીઢા ગુનેગારો યુપીઆઈ પેમેન્ટના ક્યુઆર કોડ સુધી એવાં બનાવી રહ્યા છે જે નકલીને પણ બનાવટી પુરવાર કરી રહ્યા છે.


Digital India Power To Empower
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા ઈ-સુવિધા કેન્દ્ર
CSC E-GOVERNANCE SERVICES INDIA LIMITED
ડ્રાઈવીંગ લાયસન્સ | ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
સ્માર્ટ કાર્ડ | GST રજીસ્ટ્રેશન | આધાર કાર્ડ | પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર | ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ | ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન | પાસપોર્ટ
લેમીનેશન | ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ | રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ | ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ | લાઈફ ઈન્શ્યુરન્સ | આયુષ્માન કાર્ડ | બેન્કીંગ સર્વિસ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફ્લેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430

# અમદાવાદ મ્યુનિ.ના મોટાભાગના ખાતાઓમાં ચાલતો મોટાપાયે ભ્રષ્ટાચાર..!!

## અમદાવાદમાં અનરાધાર ભ્રષ્ટાચાર : અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કાગડા કાળા જ છે. ‘‘પકડાય તે ચોર બાકી શાહુકાર’’ આ કહેવત વાસ્તવમાં તમામ ભ્રષ્ટાચારી બાબુઓને લાગુ પડે છે...

અમદાવાદ : વષ ૨૦૨૪માં ACB એ અમદાવાદ મ્યુનિ. કોર્પો.ના કર્મચારી થી લઈને અધિકારીઓની લાંચ લેતા ઝડપ્યા છે. એએમસીમાં વ્યાપકપણે ફેલાયેલા ભ્રષ્ટાચારની ફરિયાદો વર્ષોથી સાંભળવા મળે છે. ગુજરાત હાઈકોર્ટ પણ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો અનેક મામલે ઉધડો લઈ ચૂકી છે. ભ્રષ્ટાચારથી ખદબદતા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં એસીબીની ઉપરાછાપરી કામગીરીથી ફફડાટ વ્યાપી ગયો છે.

એએમસીમાં વ્યાપકપણે ફેલાયેલા ભ્રષ્ટાચારની ફરિયાદો એસ્ટેટ વિભાગમાં, અમદાવાદ શહેરના ૪૮ વૉર્ડ પૈકી એકપણ વૉર્ડ એવો બાકી નહીં હોય જ્યાં એએમસી એસ્ટેટ વિભાગની મહેરબાનીથી ગેરકાયદેસર બાંધકામ નહીં થયું હોય. તાજેતરમાં અમદાવાદ ACB એ કરેલી કાર્યવાહી બાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ભ્રષ્ટાચારી અધિકારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. એસ્ટેટ વિભાગના નાનાથી માંડી મોટા અધિકારીઓ હાલ કોઈની સાથે ફોન પર વાત કરવા પણ તૈયાર નથી. એક ચર્ચા એવી પણ છે કે, ભ્રષ્ટાચારી હર્ષદ ભોજક સાથે સંકળાયેલા કેટલાંક બાબુઓ ભ્રષ્ટાચારના પૂરાવા સગેવગે કરવા ભૂર્ગભમાં ઉતરી ગયા છે.

એસ્ટેટ વિભાગ આ સિવાય અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના એન્જિનિયરીંગ, ટેક્સ, હેલ્થ, હોસ્પિટલનો વહિવટ, સિવિક સેન્ટરો સહિત લગભગ તમામ વિભાગોમાં મોટાપાયે ભ્રષ્ટાચાર ચાલે છે. ટેક્સ ખાતામાં કોમ્પ્યુટરના પાસવર્ડના હેરાફેરી કરી જુદા જુદા મોટા બિલોમાં રકમ ઘટાડી આપીને ૯૦ લાખના ગોટાળાની ફરિયાદો ભૂતકાળમાં ઉઠી હતી, જો કે સમગ્ર કેસમાં મોટામાથા હોવાને કારણે ઢાંકપીછોડો કરવામાં આવ્યું હોવાનું મનાય છે.

આ સાથે સિવિક સેન્ટરોની વાત કરીએ તો જન્મના પ્રમાણપત્રમાં ગુજરાતીમાંથી અંગ્રેજી નામ કરતી વખતે પાર્ટી કહે તે મુજબ આવા નામો બદલી આપવાની ગુનાઈત પ્રવૃત્તિ થતી હતી. જેમાં માત્ર નોટિસ સિવાય કોઈ જ ગંભીર પગલાં ઈ-ગવર્નન્સ ખાતા દ્વારા લેવાયા નથી. કર્મચારીઓ નામ બદલવા મોટી રકમ વસુલતા હોવાની ફરિયાદો ઉઠી રહી છે.

આ સિવાય એન્જીનીયરીંગ વિભાગની વાત કરીએ તો એસ્ટેટ વિભાગની જેમ શહેરમાં એક પણ વોર્ડ બાકી નહીં. મોટાભાગના વોર્ડમાં રોડ વિભાગમાં ગુણવત્તાને લઈને સવાલ ઉઠી રહ્યાં છે.તાજેતરમાં વગર વરસાદે ભૂવા પડવા, ક્યાંક પહેલા વરસાદે પણ રોડ તૂટી જવાના અનેક બનાવો નોંધાયા છે.ભૂતકાળમાં બોગસ બિલોનું કૌભાંડ બહાર આવ્યું હતું.તેમાં એક બિલ પાસ કરવામાં સહીઓ કરનાર નવા પશ્ચિમ ઝોનના ડેપ્યુટી સિટી એન્જિનિયર-વર્ગ-૧ સહિત સાત એન્જિનિયરોને સસ્પેન્ડ કરાયા હતા. જેમને ફરી નોકરીમાં પણ લેવાયા છે.

એસીબીના અધિકારીઓનું કહેવું છે, પોલીસ અને મ્યુનિ.ની કામગીરી સીધી લોકો સાથે જોડાયેલી હોવાથી બંને વિભાગ સામે ભ્રષ્ટાચારની સૌથી વધુ ફરિયાદો મળે છે. લોકો પણ એસીબીએ આપેલા ટોલ ફ્રી નંબર ૧૦૬૪ પર કોલ કરી ફરિયાદ નોંધાવતા હોય છે.

## અમિત શાહ ૩ દિવસ ગુજરાતની મુલાકાતે:૧૪મીએ અમદાવાદમાં કાર્યકર્તાઓ સાથે ઉત્તરાયણ ઉજવશે

અમદાવાદ : કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ ઉત્તરાયણની ઉજવણી કરવા માટે ગુજરાત આવવાના છે. આવતીકાલે ૧૩ જાન્યુઆરી સાંજે અમિત શાહ અમદાવાદ ખાતે આવશે. ૧૪ જાન્યુઆરીના રોજ ગાંધીનગર લોકસભામાં થલતેજ, ન્યુ રાણીપ અને સાબરમતી ખાતે કાર્યકર્તાઓ અને નેતાઓ સાથે ઉત્તરાયણના તહેવારની ઉજવણી કરશે. ઘાટલોડિયાના નવા પોલીસ સ્ટેશનનું પણ ખાતમુહૂર્ત અને આવાસ યોજનાના મકાનોના વિકાસ કાર્યોના લોકાર્પણ કાર્યક્રમમાં હાજરી આપશે.

૧૪થી ૧૬ જાન્યુઆરી એમ ત્રણ દિવસ કેન્દ્રીય ગૃહમંત્રી ગુજરાતમાં રહેશે. ૧૪ તારીખે સવારે થલતેજમાં કાર્યકર્તાના ત્યાં ઉત્તરાયણની ઉજવણી કરશે. ઉજવણી બાદ ઘાટલોડિયામાં પોલીસ સ્ટેશન અને આવાસના વિકાસ કાર્યોના કાર્યક્રમમાં હાજરી આપશે. સાંજે ન્યુ રાણીપ આર્ય વિલા ફ્લેટ અને સાબરમતીમાં અર્હમ ફ્લેટ ખાતે ઉત્તરાયણની ઉજવણી કરશે. ૧૫ તારીખે કલોલ, માણસા ખાતે સરકારી કાર્યક્રમમાં હાજરી આપશે. ૧૬ તારીખે વડનગરમાં પી. એમ. મોદી જે સ્કૂલમાં અભ્યાસ કર્યો હતો તે સ્કૂલમાં પ્રેરણા સંકુલનું ઉદઘાટન કરશે.

...inted at Shree ...
...lished from D-2...
...ditor - BHARGA...

